૩૬૫૬

માનવ ગરીમા યોજના અંતર્ગત ટૂલકિટ્સ(Toolkits)ના લાભાર્થીઓની પસંદગી બાબતેના પરિપત્રમાં એફિડેવિટની પ્રક્રિયા રદ કરી સ્વઘોષણા (self-Declaration) ક્રિયા સુનિશ્ચિત કરવા બાબત.


...મક વિકસતી જાતિ
...ણ, ગુ.રા., ગાંધીનગર
0 6 MAY 2022
...ા :..........................
...વર્ડ નં. ૭૮૩.........


ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૪૯૫૮૫૩/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.30/૦૪/૨૦૨૨

**વંચાણે લીધા :**

(૧) વિભાગના સમાન ક્રમાંકનો તા.૨૪/૦૮/૧૮નો પરિપત્ર

(૨) સામાન્ય વહિવટ વિભાગના તા.૨૫/૧૨/૨૧નો ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨

(3) નિયામકશ્રી (વિ.જા.ક.)નો તા.૦૫/૦૧/૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/માગયો/૨૦૨૧-૨૨/૧

**પરિપત્ર :**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૧)ના માનવ ગરીમા યોજના અંતર્ગત ટૂલકિટ્સના લાભાર્થીઓની પસંદગીમાં બેવડાપણું ટાળવા અને અન્ય મુદ્દાઓ સુનિશ્ચિત કરવા બાબતેના પરિપત્રના મુદ્દા ક્રમાંક:3(3) થી નોટરાઇઝ સોગંદનામાંથી બાંહેધરી આપવાની રહેશે તેમ જણાવેલ હતું. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવથી રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની આપવામાં આવતી સેવાઓ માટે એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણાની (self-Declaration) પ્રક્રિયા અમલમાં મૂકવા જણાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (3) ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.) તા.૨૪/૦૮/૨૦૧૮ ના પરીપત્રની ઉક્ત જોગવાઈમાં

સુધારો કરી, નોટરાઇઝ સોગંદનામાની જગ્યાએ સ્વઘોષણા લેવા અંગે અત્રેના વંચાણે લીધા ક્રમાંક: (૧) ના પરિપત્ર માં સુધારો કરવા દરખાસ્ત કરેલ છે. જે અન્વયે, વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૧) તા.૨૪/૦૮/૨૦૧૮ના પરિપત્રની સૂચના ક્રમાંક: ૩(૩) માં નોટરાઇઝ સોંગદનામાની જગ્યાએ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ સ્વઘોષણા (self Declaration) દાખલ કરવા અંગે માન. મંત્રીશ્રીની તા.૧૬/૦૨/૨૨ની નોંધથી મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક(૧)ના પરિપત્રની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભ

પ્રતિ,

નિયામકશ્રી,
વિકસતિ જાતિ કલ્યાણ ખાતું/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું/સમાજ સુરક્ષા,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(વિ.જા.ક.) /નિયામકશ્રી(અ.જા.ક.) મારફતે)
- સેક્શન અધિકારીશ્રી(ગ/છ.૧/બ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ

# સ્વ ઘોષણા (Self-Declaration)નો નમુનો

આથી હું નીચે સહી કરનાર (પુરું નામ) ..........................................................................
ઉ.વ. .................................... જિલ્લાના .................................... તાલુકાના........................
ગામ/શહેરના રહેવાસી આથી જાહેર કરું છું કે, વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલીત "માનવ ગરીમા" યોજના હેઠળ............................................ના ધંધા માટે સહાય/ટૂલ કિટ્સ મેળવવા માટે મે ફોર્મ ભરેલ છે.

અમોએ જાતે અથવા મારા કુટુંબની કોઇ અન્ય વ્યક્તિએ અગાઉ માનવ ગરીમા યોજના કે માનવ કલ્યાણ યોજના હેઠળ સરકારશ્રીના કોઇ અન્ય ખાતા હેઠળ ટુલ કિટ્સ મેળવેલ નથી. કે હવે પછી મેળવીશું પણ નહી.

આ સહાયથી મને આપવામાં આવેલ ટુલ કિટ્સ/સાધનનો હું પોતે જ ઉપયોગ કરીશ, તે વેચીશ કે વેચાવીશ નહી કે કોઇને ભાડે આપીશ કે અપાવીશ નહીં તે અંગેની ખાતરી, વિશ્વાસ અને બાહેધરી આપું છું.

મારા દ્વારા આપવામાં આવેલ ઉક્ત માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઇ બાબત છુપાવેલ નથી. હું જાણું છુ કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સહી..............................................................................
પુરું નામ:- ........................................................................
આધાર કાર્ડ/ઓળખના પુરાવાનો નંબર...................